# OSIAJEE TEXFAB LIMITED

Regd. Off.: 362, Anjani Industrial Estate, Vibhaag-3, Gothan, Olpad, Surat – 394130.
Website: www.osiajeehdl.com Email: osiajee.texfab@gmail.com Mob: 8769941945
CIN: L17299GJ1995PLC024606

24th May, 2019

| | |
|---|---|
| **BSE Limited**<br>Corporate Services Department,<br>Dalal Street, Fort<br>Mumbai – 400001<br>Scrip ID:- **OSIAJEE**<br>Scrip Code :- **540198** | **Ahmedabad Stock Exchange**<br>Kamdhenu Complex,<br>Opp. Sahajanand College,<br>Paranjapole, Ambawadi,<br>Ahmedabad- 380015 |

**Sub : Newspaper Publication of Notice of the Board Meeting**

Dear Sir,

With reference to the subject matter, enclosing herewith copies of the following Newspapers dated 23rd May, 2019 in which Notice of Board Meeting have been published for the Board Meeting schedule to be held on 30th May, 2019;

**1. Business Standard (English Daily)**

**2. Jai Hind (Gujarati Daily)**

Kindly take the above information on record and oblige.

Thanking You,

Yours Faithfully,

**FOR OSIAJEE TEXFAB LIMITED**

OSIAJEE TEXFAB LIMITED MUMBAI

Rashesh Gandhi
**Company Secretary**

# આસામમાં કૉલ સેન્ટરથી કૌભાંડ કરનાર ૩૭ લોકોની ધરપકડ

(જી.એન.એસ)ગૌહાટી,તા.૨૨

સીઆઈડીની ટીમે બુધવારે અહીં ગેરકાયદેસર રીતે ચાલતા કોલ સેન્ટર પર કાર્યવાહી કરી હતી. આ કાર્યવાહીમાં નવ મહિલાઓ સહિત ૩૭ લોકોની ધરપકડ કરાઈ છે. તેમાં સેન્ટરનો સંચાલક પણ સામેલ છે. આ સેન્ટર દ્વારા અમેરિકામાં રહેતા લોકો પાસેથી દર મહિને રૂ. ૫૦ લાખ પડાવવામાં આવતા હતા. અહીં જપ્ત કરવામાં આવેલા કોમ્પ્યૂટરમાંથી અંદાજે સાત લાખ અમેરિકન લોકોનો ડેટા મળી આવ્યો છે.એડીજીપી એલઆર બિશ્નોઈએ જણાવ્યું છે કે એવિનર પ્રાઈવેટ લિમિટેડ નામથી આ સેન્ટર રાજેશ ખાન નામનો વ્યક્તિ ચલાવી રહ્યો હતો. ઘટના સ્થળેથી ૨૨ કોમ્પ્યૂટર મોનિટર, ૪૦ સીપીયુ, બે પેન ડ્રાઈવ, એક લેપટોપ, ૩૨ મોબાઈલ ફોન, કંપનીના દસ્તાવેજ અને એક ડાયરી જપ્ત કરવામાં આવી છે.એપ્રિલમાં ઉદયપુરમાં પોલીસે નકલી કોલ સેન્ટર પર દરોડા પાડ્યા હતા. તેમાં ૨૪ યુવકની ધરપકડ થઈ હતી. દરેક યુવક આઠથી દસ ધોરણ સુધી ભણેલા હતા. તે સમયે ઘટના સ્થળ પરથી ૫૦ કોમ્પ્યૂટર અને ૨૭ મોબાઈલ જપ્ત કરાયા હતા. પોલીસે જણાવ્યું કે કોલ સેન્ટરમાં કામ કરતાં લોકો અમેરિકામાં રહેતા લોકોને ફોન કરીને પોતાની જાતને સોશિયલ સિક્યુરિટી એડમિનિસ્ટ્રેશન વિભાગના અધિકારી ગણાવતા હતા અને તેમના ટેક્સના બાકી પૈસા વસુલવાના નામે કૌભાંડ કરતા હતા.

**અમેરિકામાં રહેતા લોકો પાસેથી દર મહિને રૂ. ૫૦ લાખ પડાવવામાં આવતા હતા**

# હવે ઓનલાઈન દિગ્ગજો એમેઝોન, વોલમાર્ટ, ફ્લિપકાર્ટને હંફાવવા રિલાયન્સ રિટેલ તૈયાર

નવી દિલ્હી તા.૨૨

ઓનલાઈન રિટેલ સેકટરની દિગ્ગજ કંપનીઓ એમેઝોન, વોલમાર્ટ અને ફ્લિપ કાર્ટ જેવી કંપનીઓને જોરદાર ટકકર આપવા રિલાયન્સ રિટેલ સજ્જ થયું છે.




વૈશ્વિક બજાર પર સંશોધન કરનારી કંપની ફોરેસ્ટરે પોતાની રિપોર્ટમાં કહ્યું હતું કે હજુ ૬૬૦૦ શહેરોમાં ૧૦,૪૧૫ સ્ટોરનું સંચાલન કરનારી રિલાયન્સ રિટેલ દેશના ઓનલાઈન માર્કેટ પર છવાઈ જવા તૈયાર છે.

ફોરેસ્ટરરિસર્ચના સીનીયર ફોરકાસ્ટ એનાલીસ્ટ સતીષ ફોરકાસ્ટ એનાલિસ્ટ સતીષ મીનાએ જણાવ્યું હતું કે એમેઝોન અને ફલીપકાર્ટને જે બાબતો પરેશાન કરશે તેમાં એક છે ભારે છૂટની સાથે બીઝનેસ કરવાનો રિલાયન્સનો ઈતિહાસ.

ફોરેસ્ટર રિસર્ચ અનુસાર દેશનો ઓનલાઈન રિટેલી સેકટર ૨૦૨૩ સુધીમાં ૨૫.૮ ટકાના વાર્ષિક દરથી વધીને ૮૫ અબજ ડોલર (લગભગ ૬૦ અરબ રૂપિયા)નો થઈ જશે.

મહત્વની બાબત એ છે કે આટલી મોટી વૃદ્ધિ નવેમ્બર ૨૦૧૬માં નોટબંધીના એલાન, જુલાઈ ૨૦૧૭માં જીએસટી લાગુ થવા પર અને ૨૦૧૯માં ઈ-કોમર્સ સેકટર માટે નવી નીતિઓના એલાનથી પેદા થયેલી પરેશાનીઓ છતાં પણ થઈ હશે. રિલાયન્સે મોન્સૂન હંગામા ટેરીફ પ્લાનની સાથે ટેલીકોમ સેકટરમાં કદમ માંડયા હતા જયારે વોઈસ કોલ માટે ત્યારે ૨ રૂપિયા પ્રતિ મીનીટનો ભાવ ઘટીને માત્ર ૪૦ પૈસા પ્રતિ મીનીટ થઈ ગયો હતો. ત્યારબાદ વર્ષ ૨૦૧૬માં જિયો ૪જીના લોન્ચીંગથી ઈન્ટરનેટ પેકની તત્કાલીન દર રૂા.૨૫૦ પ્રતિ જીબીમાંથી ઘટીને સીધી ૫૦ રૂપિયા પ્રતિ જીપી થઈ ગઈ હતી.

મીનાએ જણાવ્યું હતું કે આ પ્રકારના ડિસ્કાઉન્ટ ઓફર કોઈપણ બજારમાં ખળભળાટ મચાવી શકે છે. એટલે રિલાયન્સના લોન્ચીંગ સમયે ગ્રોસરીમાં આ પ્રકારની ભારે છુટના એલાનની અમને આશા છે.

**ભારે છૂટ બિઝનેસ કરવાની રિલાયન્સની સ્ટાઈલ ઓનલાઈન મહારથીઓને ભારે પડી શકે છે**



પાટનગર નવી દિલ્હીમાં વિજ્ઞાન ભવન ખાતે યોજાયેલા બીએસએફ (બોર્ડર સિકયુરિટી ફોર્સ)ના એક સમારંભમાં ઉપસ્થિત રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોવાલને સ્મૃતિ ચિન્હ એનાયત કરી બીએસએફના ચીફ રજનીકાંત મિશ્રા અભિવાદન કરી રહ્યા છે.

# કેરળના નાણામંત્રી સામે ભાજપે ૧૦ કરોડનો માનહાનીનો કેસ કર્યો

નવી દિલ્હી તા.૨૨

કેરળના નાણામંત્રી થોમસ ઈસાક સામે ભાજપ માનહાનીનો કેસ કરશે અને ૧૦ કરોડ રૂપિયાનું વળતર માંગશે.

કેરળ ભાજપના પ્રદેશ એકમનું કહેવું છે કે થોમસે ૬ મેના રોજ બયાન આપતા ભાજપ પ્રદેશ અધ્યક્ષ પી.એસ.શ્રીધરન પિલ્લાઈ પર કેરળમાં વિકાસ કામોમાં બાધા પહોંચાડવાનો આરોપ લગાવ્યો હતો.

**સીપીએમના નેતા થોમસ સામે માનહાનીનો આરોપ**

થોમસના આ બયાન સામે પાર્ટીએ કેસ કરી ન્યાયિક કાર્યવાહી કરવાનો નિર્ણય લીધો હતો. પોતાની પર લાગેલા આરોપો અંગે શ્રીધરને કહ્યું હતું કે કેરળ ભાજપે નિર્ણય લીધો છે કે સીપીએમના નાણામંત્રી થોમસ ઈસાક પર કેસ દાખલ કરી ઉચીત ન્યાયિક કાર્યવાહી કરવામાં આવશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે મેં ઈસાકની સામે રૂા.૧૦ કરોડની માનહાનીનો દાવો કર્યો છે.ઈસાકે કથિત રીતે પિલ્લાઈ પર રાજય અધ્યક્ષ બન્યા બાદ પોતાના પદનો લાભ ઉઠાવતા કેરળના વિકાસ કાર્યોમાં બાધા પહોંચાડવાનો આરોપ લગાવ્યો હતો.

# ટુ કોલરમાં કંઈક રોંગઃ યુઝર્સના ડેટા લીક થઈ રહ્યાનો ખુલાસો

બેંગ્લુરુ તા.૨૨

મોબાઈલ ફોન પર કોલરની ઓળખ કરતી એપ્લીકેશન ટ્રુ કોલરના દુનિયાભરના યુઝર્સના ડેટા એક પ્રાઈવેટ ઈન્ટરનેટ ફોરમ પર માત્ર ૧.૫ લાખ રૂપિયામાં ઉપલબ્ધ હોવાનો સનસનીખેજ ખુલાસો થયો છે.

આ પ્રકારના ટ્રાન્જેકશન પર નજર રાખતા એક સાયબર સિકયોરીટી એનાલીસ્ટે જણાવ્યું હતું કે ટ્રુ કોલરના ભારતીય યુઝર્સના કથિત ડેટા ડાર્ક વેબ પર લગભગ ૧.૫ લાખ રૂપિયા (લગભગ ૨ હજાર યુરો)માં વેચાઈ રહ્યા છે. ટ્રુ કોલરના ૧૪ કરોડ યુઝર્સમાં લગભગ ૬૦ ટકા ભારતીય છે. તેમના ગ્લોબલ યુઝર્સના ડેટાની કિંમત ૨૫૦૦૦ યુરો છે.

**ટ્રુ કોલરના ભારતીય યુઝર્સના ડેટા માત્ર રૂા.દોઢ લાખમાં ઉપલબ્ધઃ ટ્રુ કોલરનો ઈન્કાર**

અલબત, યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ (યુપીઆઈ) દ્વારા પોતાના ભારતીય યુઝર્સને પેમેન્ટ સર્વિસ આપતા ટ્રુકોલરે પોતાના ડેટાબેઝમાં સેંધ લાગ્યાનો ઈન્કાર કર્યો છે. સ્વીડનની આ કંપની આ કંપનીએ જણાવ્યું હતું કે તેણે પોતાના યુઝર્સ તરફથી જ ડેટાની અનધિકૃત કોપી કરવાના કિસ્સા જાણવા મળ્યા છે. પણ અમે એ સ્પષ્ટ કરવા માંગીએ છીએ કે કોઈપણ સંવેદનશીલ જાણકારી લીક નથી થઈ. જયારે સાયબર નિષ્ણાંતોનું કહેવું છે કે ડેટાના આટલા બધા હિસ્સા સુધી પહોંચે માત્ર ટ્રુ કોલરના ડેટાબેઝમાં સેંધ લગાવીને જ મળી શકે.

### આગામી સુનાવણી ૨૪મેના રોજ હાથ ધરાશે

# રોબર્ટ વાડ્રાએ સીબીઆઈ કોર્ટ પાસે વિદેશ જવાની મંજૂરી માંગી

(જી.એન.એસ)

ન્યુ દિલ્હી,તા.૨૨

કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધીના પતિ રોબર્ટ વાડ્રાએ સીબીઆઈ કોર્ટ પાસે વિદેશ જવા માટે મંજૂરી માગી છે. વાડ્રાના વકીલે કહ્યું કે, તેમને વિદેશ જવાની મંજૂરી આપવાની સાથે તેમની ગોપનીયતા જાળવી રાખવામાં આવે, કારણ કેસ આ તેમની સુરક્ષાનો મામલો છે. આ મામલે આગામી સુનાવણી ૨૪ મે ના રોજ હાથ ધરાશે.

કોર્ટેમાં રોબર્ટ વાડ્રાના વકીલે વિશેષ ન્યાયાધીશ અરવિંદ કુમારને અનુરોધ કર્યો છે કે, તે સ્પષ્ટતા કરે કે, વાડ્રાની વિદેશ યાત્રાની માહિતી કોઈ સાથે શેર કરવામાં નહીં આવે. હક્કીકતમાં મની લોન્ડ્રિગ કેસમાં રોબર્ટ વાડ્રાને દિલ્હીની એક કોર્ટે શરતી જામીન આપ્યાં છે. આ શરતી જામીનમાં વાડ્રાની વિદેશ યાત્રા પર પ્રતિબંધ છે. વાડ્રાનો પાસપોર્ટ કોર્ટે જમા કરી લીધો છે. છેલ્લા થોડા મહિનાઓમાં મની લોન્ડ્રિગ કેસ મામલે ઈડીએ વાડ્રાની અનેક વખત પૂછપરછ કરી છે.રોબર્ટ વાડ્રા પર બ્રિટનમાં લંડનના બ્રિન્સ્ટન સ્કેવેરમાં ૯ સંપત્તિ હોવાનો આરોપ છે. કથિત રીતે વાડ્રાએ આ સંપત્તિ ભાગેડુ હથિયાર કારોબારી સંજય ભંડારી પાસેથી મની લોન્ડરિંગ મારફતે પ્રાપ્ત કરી છે. આ મામલે ઈડી તેમની વિરુદ્ધ તપાસ કરી રહી છે. આ ઉપરાંત રાજસ્થાનના બિકાનેર અને હરિયાણાના ગુડગાંવ તેમજ ફરીદાબાદમાં પણ કેટલીક સંપત્તિઓના ખરીદ વેચાણને લઈને વાડ્રા શંકાના ઘેરામાં છે.

# કર્ણાટકની કુમારસ્વામી સરકારને રાહતઃ ભાજપે 'ઓપરેશન લોટસ' સ્થગિત કર્યું

(જી.એન.એસ)બેંગ્લુરુ,તા.૨૨

કર્ણાટકમાં લોકસભાની ચૂંટણીના પરિણામ આવતા પહેલાં કોંગ્રેસ અને ભાજપ વચ્ચે ગરમાયેલા રાજકારણ મધ્યે જેડીએસ-કોંગ્રેસ ગઠબંધન માટે રાહતના સમાચાર છે. જાણવા મળ્યું છે કે ભાજપે કર્ણાટકમાં એચ.ડી. કુમારસ્વામીની આગેવાની હેઠળની ગઠબંધન સરકારને પાડવા માટે પોતાના કથિત 'ઓપરેશન લોટસ' ચૂંટણીના પરિણામો આવતા સુધી સ્થગિત કરી દીધું છે.સૂત્રોના જણાવ્યા મુજબ ભાજપની કેન્દ્રીય નેતાગીરીએ કર્ણાટક ભાજપ અધ્યક્ષ બી.એસ. યેદિયુરપ્પાને મધ્યપ્રદેશમાં કમલનાથની આગેવાની હેઠળની કોંગ્રેસ સરકાર વિરુદ્ધ ભાજપના પ્રયાસના પરિણામ આવવા સુધી રાહ જોવાનું કહ્યું છે. ઉલ્લેખનીય છે કે ભાજપે મધ્યપ્રદેશમાં કમલનાથ સરકાર લઘુમતિમાં હોવાનો દાવો કર્યો છે.

### સંયુક્ત રાષ્ટ્રના અહેવાલમાં અનુમાન લગાવાયુ

# નાણાંકિય વર્ષ ૨૦૧૯-૨૦માં ભારતનો આર્થિક વૃદ્ધિ દર ૭.૧% રહેવાનું અનુમાન

(જી.એન.એસ)યુએન,તા.૨૨

ભારતનો આર્થિક વૃદ્ધિ દર ૨૦૧૯-૨૦માં ૭.૧% રહેવાનું અનુમાન છે. સંયુક્ત રાષ્ટ્રની એક અહેવાલમાં આ અનુમાન લગાવવામાં આવ્યું છે. સંયુક્ત રાષ્ટ્રના ૨૦૧૯ના મધ્ય માટે વિશ્વ આર્થિક સ્થિતી અને સંભાવનારિપોર્ટમાં દક્ષિણ એશિયામાં ક્ષેત્રિય ઉત્પાદનમાં બે તૃત્યાંશ ભાગીદારી રાખતા ભારતનો આર્થિક વૃદ્ધી દર ૨૦૧૮માં ૭.૨% હતો. રિપોર્ટમાં જણાવાયું છે કે, મજબૂત ઘરેલું ખપત અને રોકાણ વૃદ્ધીને સમર્થન આપતા રહીશું જેનાથી ૨૦૧૯માં ૭.૦% અને ૨૦૨૦માં ૭.૧% રહેવાનું અનુમાન છે.

રિપોર્ટમાં જણાવાયેલું અનુમાન આ વર્ષે જાન્યુઆરીના અનુમાન કરતા ઓછું છે. તે સમયે આર્થિક વૃદ્ધીદર અનુક્રમે ૭.૬ અને ૭.૪% રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી હતી. તેમ છતાં ભારત આર્થિક વૃદ્ધીના મામલે ચીનથી આગળ દુનિયાનો મુખ્ય દેશ બનેલો છે. ઉઈજીઁ મુજબ દરેક મુખ્ય વિકસિત અર્થવ્યવસ્થાઓ માટે આર્થિક વૃદ્ધીદરનું અનુમાન ઓછું કરવામાં આવ્યું છે. વૃદ્ધદર અનુમાન ઓછું કરવા પર પણ ભારત મજબૂત ઘરેલું માંગ વચ્ચે સારી સ્થિતીમાં છે.

રિપોર્ટમાં ભારત સહિત દક્ષિણ એશિયાની આર્થિક વૃદ્ધીમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પડકાર ગણાવી છે. જયારે ચીનનો આર્થિક વૃદ્ધી દર ૨૦૧૮ની સરખામણીએ ઘટવાનું અનુમાન લગાવવામાં આવ્યું છે. અમેરીકા અને ચીન વચ્ચે વેપાર વિવાદ, આંતરરાષ્ટ્રીય સ્તરે નીતિગત અનિશ્ચિતતા તથા કંપનીઓના નબળા આત્મવિશ્વાસ વિશ્વની આર્થિક વૃદ્ધી માટે પડકાર છે. જેને જોચા વૈશ્વિક આર્થિક વૃદ્ધીના અનુમાનો જાન્યુઆરીની તુલનાએ ઘટાડી દેવામાં આવ્યા છે.

# ત્રણ દિવસ બાદ એકવાર ફરી સોનાના ભાવમાં વધારો



(હિ.મી.એ),નવીદિલ્હી,તા.૨૨

દિલ્હી સર્રાફા બજારમાં આજે સોનાનો ભાવ ૩૨,૬૮૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર લગભગ અપરિવર્તિત રહ્યો જયારે ચાંદી ૧૫૦ રૂપિયાના ઘટાડા સાથે ૩૭,૨૦૦ રૂપિયા પ્રતિ કિલોગ્રામ પર બંધ રહી. અખિલ ભારતીય સર્રાફા સંઘે કહ્યું કે વૈશ્વિક બજારમાં નબળા વલણ છતાં સ્થાનીક સર્રાફા બજારમાં સોનાની કીંમતમાં ૧૦ રૂપિયાની તેજી આવી વૈશ્વિક સ્તર પર ન્યુયોર્કમાં સોનો હાજર બજાર ભાવ સામાન્ય ઘટાડાની સાથે ૧,૨૭૪.૭૦ ડોલર પ્રતિ ઔંસ રહી ગયું જયારે ચાંદી ૧૪.૫૩ ડોલર પ્રતિ ઔંસ પર સ્થિર રહ્યું દિલ્હી સર્રાફા બજારમાં ૯૯.૯ ટકા અને ૯૯.૫ ટકા શુધ્ધતાવાળા સોનુ ૧૦-૧૦ રૂપિયા વધી અનુક્રમે ૩૨,૬૮૦ રૂપિયા અને ૩૨,૫૧૦ રૂપિયા પ્રતિ દસગ્રામ થઈ ગયું જો કે આઠ ગ્રામવાળી ગિન્ની ૨૬,૫૦૦ રૂપિયા પ્રતિ એકમ પર સ્થિર રહી

ચાંદી હાજરની કીમત ૧૫૦ રૂપિયાના નુકસાન સાથે ૩૭,૨૦૦ રૂપિયા પ્રતિ કિલોગ્રામ રહી ગઈ જયારે સાપ્તાહિક ડિલિવરી વાળી ચાંદીનો ભાવ ૪૯ રૂપિયાની તેજીની સાથે ૩૬,૩૦૦ રૂપિયા પ્રતિ કિલોગ્રામ પર બંધ થઈ બીજી તરફ ચાંદીના સિક્કા લેવાલી ૭૯,૦૦૦ અને વેચવાલી ૮૦,૦૦૦ રૂપિયા પ્રતિ સૈંકડા પર સ્થિર બની રહી

# શારદા ચીટફંડ કેસઃ ધરપકડથી બચવા રાજીવ કુમારે સુપ્રિમમાં આગોતરા જામીન અરજી કરી

(જીએનએસ)ન્યુ દિલ્હી,તા.૨૨

શારદા ચીટફંટ મામલે સીબીઆઈ તપાસનો સામનો કરી રહેલા પશ્ચિમ બંગાળના સીએમ મમતા બેનર્જીના માનીતા આઈપીએસ રાજીવ કુમારે ફરીવાર સપ્રીમ કોર્ટનો દરવાજો ખખડાવ્યો. તેમણે સુપ્રીમ કોર્ટમાં સીબીઆઈની ધરપકડથી બચવા આગોતરા જામીનની અરજી કરી છે. પોલીસ કમિશનર રાજીવ કુમારનું કહેવુ છે કે, સીબીઆઈ દ્વારા તેમના પર કથિત આરોપ લગાવવામાં આવી રહ્યા છે.

ત્યારે સીબીઆઈનો આરોપ છે કે, રાજીવ કુમારે શારદા ચીટફંડના પુરાવા નષ્ટ કરવાનો પ્રયાસ કર્યો છે. સુપ્રીમમાં કરેલી અરજીમાં રાજીવ કુમારે સીબીઆઈ પર ગંભીર આરોપ પણ લગાવ્યો. રાજીવ કુમારનું કહેવુ છે કે, સીબીઆઈ ખોટી રીતે હેરાન કરી રહી છે. આ પહેલા સુપ્રીમ કોર્ટે રાજીવ કુમારને મોટો ઝાટકો આપ્યો હતો.

કોર્ટે રાજીવ કુમારની ધરપકડ પર લગાવવામાં આવેલી રોકને હટાવી અને સીબીઆઈને રાજીવ કુમારની પુછપરછ માટે મંજૂરી આપી હતી. કોર્ટના આદેશ બાદ સીબીઆઈ કોઈપણ સમયે રાજીવ કુમારની પૂછપરછ કરી શકશે.


**ઓસીયાજી ટેક્સફેબ લીમીટેડ**

રજીસ્ટર્ડ ઓફીસઃ ૩૬૨, અંજની ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, વિભાગ-૩, ગોઠાણ, ઓલપાડ, સુરત-૩૯૪૧૩૦
ટેલીફોનટેલી.: ૮૭૬૯૯૪૧૯૪૫,
વેબસાઈટઃ www.osiajeehdl.com
ઈમેઈલઃ osiajee.texfab@gmail.com
સીઆઈએનઃ L17299GJ1995PLC024606

નોટીસ

સેબી (લીસ્ટીંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રીકવાયરમેન્ટસ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ના રેગ્યુલેશન ૪૭ સાથે વંચાણે લેવામાં આવતા રેગ્યુલેશન ૨૯ના અનુસંધાને આથી નોટીસ આપવામાં આવે છે કે અગર હોય તો, અન્ય કામકાજ સાથે તારીખ ૩૧ માર્ચ, ૨૦૧૯ના રોજ સમાપ્ત થયેલ ત્રિમાસીના લેખાપરીક્ષિત નાણાકીય પરીણામોની વિચારણા કરવા તથા તેને મંજૂર કરવા માટે કંપનીના બોર્ડ ઓફ ડિરેકટર્સની બેઠક તારીખ ૩૦ મે, ૨૦૧૯ના રોજ કંપનીની રજીસ્ટર્ડ ઓફિસે મળશે.

આ માહિતી જ્યાં કંપનીની પ્રતિભૂતિઓનું લીસ્ટીંગ કરવામા આવેલ છે તે બીએસઈ લીમીટેડની વેબસાઈટ www.bseindia.com પર તથા કંપનીની વેબસાઈટ www.osiajeehdl.com પર પણ પ્રાપ્ય છે.

ઓસીયાજી ટેક્સફેબ લીમીટેડ
સહી/-
(વિદ્યા ગવંદ)
નિદેશક
ડીઆઈએનઃ ૦૭૧૫૫૯૮૭

તારીખઃ ૨૨.૦૫.૨૦૧૯
સ્થળઃ સુરત


# ભારત-ચીન વચ્ચેની તકરાર એક છત નીચે રહેતા બે ભાઈઓના ઝઘડા જેવી છે

### ચીનના રાજદૂત લુઓ ઝાઓહુઈનું મહત્ત્વપૂર્ણ નિવેદન

(જી.એન.એસ)ન્યુ દિલ્હી,તા.૨૨

ભારત સ્થિત ચીનના રાજદૂત લુઓ ઝાઓહુઈના કહ્યાં પ્રમાણે, ભારત અને ચીન વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા ઉતાર-ચઢાવવાળા સંબંધોને સામાન્ય કરવા માટે સહમતિ બની રહી છે. જેથી બન્ને દેશો વચ્ચે ફરી સ્થિરતા આવી શકે. લુઓ ટૂંક જ સમયમાં તેમનું પદ છોડીને બેઈજિંગ પરત ફરી રહ્યાં છે. એક ઈન્ટરવ્યૂ દરમિયાન તેમણે કહ્યું કે, ભારત અને ચીન વચ્ચેની તકરાર એક છત નીચે રહેતા બે ભાઈઓ વચ્ચે થતા ઝઘડા જેવી છે.

ભારત અને ચીન વચ્ચે જૂન ૨૦૧૭માં ડોકલામ મુદ્દે ઘર્ષણ જોવા મળ્યું હતું. ત્યારે લુઓએ બન્ને દેશો વચ્ચેના તણાવમાં ઘટાડો કરવા માટે મહત્વની ભૂમિકા ભજવી હતી. એમ્બેસીના એક કાર્યક્રમ દરમિયાન લુઓએ કહ્યું કે, બન્ને દેશો તેમના સંબંધોને સ્વસ્થ અને સ્થિર દિશામાં વધારવા ઈચ્છે છે.

**સરહદ વિવાદનું સમાધાન મોટું કાર્ય, પરંતુ શાંતિ રાખવી ઘણી જરૂરી**

લુઓએ કહ્યું કે વડાપ્રધાન મોદી અને ચીની રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે ઘણી સારી કેમેસ્ટ્રી છે. બન્ને નેતાઓ વચ્ચે છેલ્લા પાંચ વર્ષોમાં ૧૭ વખત મુલાકાત થઈ ચુકી છે. વ્યસ્ત હોવા છતા તેઓ એકબીજાને મળવા માટે સમય કાઢી લેતા હતા.લુઓએ કહ્યું કે લોકસભા ચૂંટણી બાદ પણ ભારત અને ચીન વચ્ચે મિત્રાતા રહેશે. આવતા મહીને એસસીઓ સમિટ અને ત્યાર બાદ જી-૨૦ સમિટમાં પરંપરા હેઠળ તમામ નેતા એકબીજા સાથે મુલાકાત કરશે.

ભારત અને ચીન વચ્ચે ચાલી રહેલા સરહદ વિવાદ અંગે લુઓએ કહ્યું કે, આ પ્રકારના મુદ્દાઓ ઈતિહાસમાં છંછેડાયા હતા જેનું સમાધાન લાવતા ઘણો સમય લાગી જશે. પરંતુ તેનું સમાધાન લાવતી વખતે શાંતિ જાળવવી ઘણી જરૂરી છે. આપણે આર્થિક ભાગીદારીને પણ મજબૂત કરવી પડશે અને તમામ મતભેદોને ભૂલીને આગળ વધવું પડશે.

# કાલાહાંડીમાં માર્ગ અકસ્માતમાં એક પરિવારના પાંચ લોકોના મોત

(હિ.મી.એ),કાલાહાંડી,તા.૨૨

ઓરિસ્સાના કાલાહાંડી જીલ્લામાં આજે સવારે માર્ગ અકસ્માતમાં એક જ પરિવારના પાંચ લોકોના મોત નિપજયા હતાં જયારે એક અન્યને ગંભીર થઈ હતી. આ ઘટના ત્યારે બની જયારે પરિવાર જે ગાડીથી યાત્રા કરી રહ્યું હતું તે રાષ્ટ્રીય રાજમાર્ગ ૨૪ પર જરિંગ જંગલની નજીક ટ્રકથી ટકરાયુ હતું. અથડામણ એટલી જોરદાર હતી કે કારના ફુરચેફુરચા ઉડી ગયા હતાં.સુત્રોના જણાવ્યા અનુસાર મૃતકોની ઓળખ કરવામાં આવી છે.આશુતોષ પોતાના પરિવારના સભ્યો સાથે પરિવારના એક સભ્યના આરોગ્યની તપાસ કરાવવા માટે ૨૦ મેના રોજ વિશાખાપત્તનમ ગયો હતો. ગઈકાલે રાતે ત્યાંથી પરત ફરી રહ્યાં હતાં ત્યારે મોડી રાતે અઢી વાગે કેસિંગા સ્ટેશન પહોંચ્યા હતાં ત્યારે વિપરીત દિશાથી આવી રહેલ ટ્રકે તેમની કારને ટકકર મારી હતી.આથી આશુતોષ અને તેના ભાઈનું ઘટના સ્થળે જ મોત નિપજયું હતું આ ઘટનાની જાણ થતાં ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતાં


**ભારત સરકાર, અંતરીક્ષ વિભાગ,**
અંતરીક્ષ ઉપયોગ કેન્દ્ર (સૈત્ક),
નિર્માણ અને અનુરક્ષણ સમૂહ (સીએમજી), જોધપુર ટેકરા
આંબાવાડી વિસ્તાર પો.ઓ., અમદાવાદ-૩૮૦ ૦૧૫
ફોન નં. (૦૭૯) ૨૬૯૧૪૯૬૦/૪૯૨૭/૪૯૦૧, ફેક્ષ નં.: (૦૭૯) ૨૬૯૧૫૮૦૦

**ઈ-નિવિદા સૂચનાનો સુધારો નં.૧ - તા.૧૪.૦૫.૨૦૧૯**

કામનું નામઃ સૈકની નવી ૩૯ એકર જમીન, બોપલ, અમદાવાદ ખાતે માળખાકીય સુવિધા ચરણ-૩ હેઠળ રીચાર્જ કુવાઓનું નિર્માણ કામ.
ઈ-નિવિદા સૂચના નં. સૈક/સીએમજી/સીએન્ડઈડી/સી/૦૧/૨૦૧૯-૨૦૨૦ તારીખ ૦૯.૦૪.૨૦૧૯
અંદાજીત ખર્ચ : રૂા.૨૮.૩૦ લાખ, પૂર્ણ કરવાની મુદત-૦૪ મહિના
નિવિદા દસ્તાવેજ ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ તથા સંપૂર્ણ ભરેલ નિવિદા સ્વીકારવાની છેલ્લી તારીખ અને નિવિદા ખોલવાની નિયત તારીખ નીચે મુજબ સુધારેલ છે.

| ક્રમ નં. | વિગત | ઈ-નિવિદા સૂચના મુજબ તારીખ | સુધારો નં.૧ મુજબ સુધારેલ તારીખ |
|---|---|---|---|
| ૧ | ઉપરની પિક્યુ સૂચનામાં દર્શાવેલ અન્ય વિગતો સમાન રહેશે. | ૧૮.૦૪.૨૦૧૯ના ૧૦.૦૦ કલાકથી ૦૨.૦૫.૨૦૧૯ના ૧૭.૦૦ કલાક સુધી | ૧૮.૦૪.૨૦૧૯ના ૧૦.૦૦ કલાકથી ૨૪.૦૫.૨૦૧૯ના ૧૭.૦૦ કલાક સુધી |
| ૨ | નિવિદા સ્વીકારવાની છેલ્લી તારીખ તથા સમય | ૧૦.૦૫.૨૦૧૯ના ૧૪.૩૦ કલાક સુધી | ૩૦.૦૫.૨૦૧૯ના ૧૪.૩૦ કલાક સુધી |
| ૩ | નિવિદા ખોલવાની નિયત તારીખ તથા સમય | ૧૩.૦૫.૨૦૧૯ના ૧૫.૦૦ કલાકે (ટેકનીકલ તથા કોમર્શીયલ બોલી) | ૩૧.૦૫.૨૦૧૯ના ૧૫.૦૦ કલાકે (ટેકનીકલ તથા (કોમર્શીયાલ બોલી) |

દર્શાવેલ અન્ય વિગતો સમાન રહેશે

સમૂહ પ્રધાન, સીએમજી/સૈક



**VIRAT INDUSTRIES LIMITED**

Regd. Office: A-1/2, GIDC Industrial Estate, Kabilpore, Navsari - 396 424, Gujarat.
CIN NO. : L29199GJ1990PLC014514
E-mail: factory@viratindustries.com • Website: www.viratindustries.com

**Statement of Standalone Audited Financial Results for the quarter and year ended 31st March 2019** (₹ in lakh)

| Sr. No. | Particulars | 3 Months Ended | Preceding 3 Months Ended | Corresponding 3 Months Ended in the Previous Year | Year Ended | Previous Year Ended |
|---|---|---|---|---|---|---|
| | | 31/3/2019 | 31/12/2018 | 31/3/2018 | 31/3/2019 | 31/3/2018 |
| | | Unaudited | Unaudited | Unaudited | Audited | Audited |
| 1 | Total Income from operations (net) | **616.71** | 699.02 | 704.16 | **2,436.90** | 3,569.00 |
| 2 | Profit before tax | **16.53** | 41.17 | 73.52 | **105.82** | 494.71 |
| 3 | Net Profit after tax | **2.95** | 30.23 | 35.85 | **64.94** | 347.07 |
| 4 | Paid-up equity share capital (₹10 each) | | | | **492.33** | 492.33 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | **13.09** | 27.84 | 30.76 | **70.79** | 344.24 |
| 6 | Other Equity as per balance sheet of previous accounting year | | | | **1,528.75** | 1,551.63 |
| 7 | Earning per share (of ₹ 10 each) (not annualised except for year ended) - Basic and Diluted | **0.27** | 0.57 | 0.62 | **1.44** | 6.99 |

NOTE:

a) The above is an extract of the detailed format of Quarter and year ended Financial Results as per Ind AS filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly and Annual Financial Results are available on the websites of the Stock Exchange viz www.bseindia.com and on the Company's website www.viratindustries.com

b) The above results were reviewed by the audit committee and thereafter approved by the Board of Directors at its meeting held on 22nd May, 2019. In compliance with Regulation 33 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, the Statutory Auditors of the Company have audited the said results and issued an unqualified opinion thereon.

c) The Board of Directors does not propose a dividend for the financial year 2018-2019.

d) Figures for the earlier period(s) have been regrouped, wherever necessary.

For Virat Industries Limited

Adi F. Madan
Managing Director
DIN : 00023629

Place: Mumbai
Date : May 22, 2019

